# આણંદ કૃષિ યુનિવર્સિટીને મોજેક ઇન્ડિયા પ્રા. લી. ધ્વારા ઓક્સિજન કોન્સનટ્રેટરની અમુલ્ય ભેટ

હાલ દેશ અને રાજયમાં કોરોના મહામારીની બીજી લહેરમાં ઘણા લોકોને કોરોના સંક્રમિત થવાના કારણે ઓક્સિજનની તાત્કાલિક જરૂરીયાત ઉભી થયેલ હતી અને તેના અભાવના કારણે ઘણી બધી મુશ્કેલીઓ સહન કરવી પડી છે. સરકારી/અર્ધ સરકારી સંસ્થાઓ ઉપરાંત આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે વિવિધ પ્રાઇવેટ એજન્સીઓદ્વારા તેમની પ્રોડક્ટ્સની ચકાસણી માટે સંશોધન કાર્ય હાથ ધરવામાં આવે છે વિવિધ ખાતરોની ઉત્પાદક કંપની મોજેક ઇન્ડીયા પ્રાઇવેટ લિમીટેડ, ગુરુર્ગાંવ(હરિયાણા)ના સહયોગથી તેઓની પ્રોડક્ટ્સની ચકાસણી માટે સૂક્ષ્મતત્વ સંશોધન યોજના આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે સંશોધન હાથ ધરવામાં આવેલ સદર બાબતના અનુસંધાનેમોજેક ઇન્ડિયા પ્રા. લી. કંપની ધ્વારા કોવિડ મહામારીને ધ્યાને રાખી આણંદ કૃષિ યુનિવર્સિટીના કર્મચારી/અધિકારીઓને ઉપયોગી નિવડે તે હેતુથી એક ઓક્સિજન કોન્સનટ્રેટર સૂક્ષ્મતત્વ સંશોધન યોજના, આકૃયુ., આણંદને ભેટ આપેલ છે. યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો/કર્મચારીઓ/વિદ્યાર્થીઓ/પેન્શનરો/રોજમદારોને લાભ મળે એવા શુભ આશયથી માનનીય કુલપતિશ્રી ડો. કે. બી. કથિરિયા સાહેબશ્રીની હાજરીમાં આકૃયુના હેલ્થ સેન્ટરને સૂક્ષ્મતત્વ સંશોધન યોજનાદ્વારા ઓક્સિજન કોન્સનટ્રેટર તા.૨૩/૦૬/૨૦૨૧ના રોજ અર્પણ કરવામાં આવ્યુ. આ પ્રસંગે ડો એમ. કે. ઝાલા, સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી; ડૉ. ગૌતમ આર. પટેલ, રજીસ્ટ્રારશ્રી; ડૉ. ડી. એચ. પટેલ નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિઓ; ડો. વી. પી. રામાણી, સહ સંશોધન નિયામકશ્રી; ડૉ. કે. સી. પટેલ, ઓફીસર ઇનચાર્જશ્રી અને ડૉ. દિલિપકુમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી સૂક્ષ્મતત્વ સંશોધન યોજના તથા હેલ્થ સેન્ટરના સ્ટાફ મિત્રોહાજર રહેલ હતા. આ પ્રસંગે ડો કથિરિયા સાહેબે જણાવ્યુ કે હેલ્થ સેન્ટર ખાતે ઉપલબ્ધ વિવિધ અદ્યતન સુવિધાઓની સાથે ઓક્સિજન કોન્સનટ્રેટર કોરોના મહામારીમાં ખુબ ઉપયોગી થઇ પડશે અને મોજેક ઇન્ડિયા પ્રા. લી. કંપની ધ્વારા આપેલ ભેટની પ્રશંસા કરી આભાર વ્યક્ત કર્યો હતો.


HEALTH CENTRE
ANAND AGRICULTURAL UNIVERSITY
ANAND - 388110
AAU
OXYGEN CONCENTRATOR


AAU
OXYGEN CONCENTRATOR